સંદેશ, પાના નંબર :- ૦૯

તારીખ :- ૧૫/૧૦/૨૦૨૬

વસ્ત્રાલ-થલતેજ, APMC-કોટેશ્વર વચ્ચે દર ૩૦ મિનિટે ફેરો

# નવરાત્રિ નિમિત્તે મેટ્રો ટ્રેન ૧૯મી સુધી મોડી રાત્રે ૨ વાગ્યા સુધી દોડશે

## રાત્રે ૧૧ પછી રૂ.૫૦ની સ્પેશિયલ પેપર ટિકિટ લેવી ફરજિયાત

। અમદાવાદ ।

નવરાત્રિને લઈને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અમદાવાદમાં મેટ્રો ટ્રેનની સેવા રાત્રે ૨ વાગ્યા સુધી લંબાવાઈ છે. હાલ મેટ્રો સવારે ૬:૨૦ થી રાતના ૧૧:૦૦ વાગ્યા સુધી દોડે છે, પરંતુ તા.૧૪ થી ૧૯ ઓક્ટોબર દરમિયાન મેટ્રો રાતના ૧૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી દોડાવાશે. જેના માટે મુસાફરોએ ૫૦ રૂપિયાની સ્પેશિયલ પેપર ટિકિટ ખરીદવી પડશે. આ ટિકિટ તમામ મેટ્રો સ્ટેશનો પરથી મળશે. તેનો ઉપયોગ માત્ર એક જ મુસાફરી માટે કરી શકાશે.

વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ વચ્ચેના કોરિડોર પર રાત્રે ૧૧:૩૦ થી દર ૩૦ મિનિટે ટ્રેન મળશે. આ માર્ગ પર વસ્ત્રાલ ગામથી છેલ્લી ટ્રેન રાત્રે ૨:૦૦ વાગ્યે અને થલતેજ ગામથી છેલ્લી ટ્રેન રાત્રે ૨:૧૨ વાગ્યે ઉપડશે. એપીએમસીથી કોટેશ્વર રોડ વચ્ચે પણ દર ૩૦ મિનિટે ટ્રેન દોડશે. આ માર્ગ પર એપીએમસીથી છેલ્લી ટ્રેન રાત્રે ૨:૧૪ વાગ્યે અને કોટેશ્વર રોડથી છેલ્લી ટ્રેન રાત્રે ૨:૦૭ વાગ્યે ઉપડશે. એપીએમસીથી સેક્ટર-૧ વચ્ચેના કોરિડોર પર દર ૬૦ મિનિટે ટ્રેન મળશે. આ માર્ગ પર એપીએમસીથી છેલ્લી ટ્રેન રાત્રે ૧૨:૪૪ વાગ્યે અને સેક્ટર-૧થી છેલ્લી ટ્રેન રાત્રે ૧૨:૩૮ વાગ્યે ઉપડશે.